**::નમુના–અ::**

| **મહે.સાંતલપુરના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. કોર્ટમાં, મુ.વારાહી.** <br> **આંક–૬૧** | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૧૯/૦૬/૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | ૭૮૨/૨૦૨૧ |
| **ગુન્હાની વિગત** | |
| ગુન્હાની વિગત | ધી આર્મસ એકટ કલમ–૨૫(૧–બી)એ |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | સેકન્ડ ગુ.ર.નં.૩૬/૨૦૧૮ |
| પોલીસ સ્ટેશન | વારાહી પોલીસ સ્ટેશન |
| ફરીયાદ પક્ષ | શ્રી સરકાર |
| ફરીયાદપક્ષે રજુઆત | **વિ.એ.પી.પી.શ્રી બી.જી.કેલા** |
| આરોપીઓ | સિન્ધી મધરા કરીમભાઇ સુમારભાઇ ભારાભાઇ,ઉ.વ.૨૮, રહે.વાદળીથર, સાંતલપુર, જી.પાટણ. |

**::નમુના–બ::**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૫/૦૬/૨૦૧૮ |
| કેસ દાખલ થયા તારીખ | ૧૫/૦૬/૨૦૨૧ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૯/૦૬/૨૦૨૬ |
| હુકમની તારીખ | ૧૯/૦૬/૨૦૨૬ |

**::નમુનો–ક::**

**ફરીયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી**

**અ.ફરીયાદપક્ષ**

| **અ.નં.** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| **૧** | પંચ સાહેદ જત મલેક આશીફખાન કેશરખાન ની જુબાની | સોગંદપરની જુબાની |
| **૨** | પંચ સાહેદ રાઠોડ મહેન્દ્રસિંહ પ્રતાપસિંહ ની જુબાની | સોગંદપરની જુબાની |
| **૩** | ફરીયાદી ધીરુભાઇ રૂગનાથભાઇ જુબાની | સોગંદપરની જુબાની |
| **૪** | સાહેદ મેરાજભાઇ સેંધાભાઇ ની જુબાની | સોગંદપરની જુબાની |
| **૫** | સાહેદ અમીતકુમાર મણીલાલ ની જુબાની | સોગંદપરની જુબાની |
| **૬** | ત.ક.અધિકારીશ્રી દિલીપભાઇ વિશ્રામભાઇ ખરાડીની જુબાની | સોગંદપરની જુબાની |

| | | |
|---|---|---|
| ૭ | સાહેદ ચેલાભાઇ બેચરભાઇ ચૌધરી ની જુબાની | સોગંદપરની જુબાની |

**ફરીયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી**

**અ.ફરીયાદ પક્ષ**

| અ.નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ૨૨ | મુદામાલ કબજે કર્યાનું પંચનામુ અસલ |
| ૨ | ૨૩ થી ૨૫ | કાપલીઓ |
| ૩ | ૩૫ | ફરીયાદ |
| ૪ | ૪૨,૪૩ | તપાસણી સર્ટીફીકેટ ની યાદી |
| ૫ | ૪૪,૪૫ | એફ.એસ.એલ. રીપોર્ટ |
| ૬ | ૪૬ | ચાર્જશીટ કરવા મંજુરીની અરજી |
| ૭ | ૪૭ | ચાર્જશીટ મંજુર કરવા આપતો પત્ર |
| ૮ | ૫૧ | ડેપ્યુટ હુકમ |
| ૯ | ૫૨ | રવાનગી પત્રક, સત્તા અંગેનું પ્રમાણપત્ર |

**:જજમેન્ટ:-**

(૧).. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોતાના કબ્જા ભોગવટામાં ગે.કા. વગર પાસ પરવાનાની દેશી હાથ બનાવટની બંદુક નંગ.૧ કિ.રૂ.૫૦૦૦/- ની તથા પ્લાસ્ટીકની બોટલ નંગ.-૨ જેમાં કાળા કલરનો પાવડર ભરેલ તથા કપડાની બેગીમાં નાના ગોળાકાર છરા નંગ-૪૯ નો મુદામાલ રાખી પોલીસ રેઇડ દરમ્યાન પકડાઇ જઇ ગુનો કરેલ હોય તે અંગેની ફરીયાદ ફરીયાદીએ નોંધાવતા જે વારાહી પોલીસ સ્ટેશનના સેકન્ડ ગુ.ર. નં. ૩૬/૨૦૧૮ થી ધી આર્મસ એકટ કલમ-૨૫(૧-બી)એ મુજબના ગુન્હા અંગેનો આખરી અહેવાલ દાખલ કરેલ છે.

**(૨).. પોલીસ કાર્યવાહી**

ધી આર્મસ એકટ કલમ-૨૫(૧-બી)એ મુજબના ગુન્હા સબબની ફરીયાદ આ કામના ફરીયાદીએ વારાહી પોલીસ સ્ટેશનમાં નોંધાવતા તે આધારે પી.એસ.ઓ.શ્રી

દવારા સેકન્ડ ગુ.ર.નં.૩૬/૨૦૧૮ થી ગુન્હો નોંધવામાં આવેલ છે. સદર ગુન્હાની ત.ક.અ.શ્રીએ તપાસ કરતા પંચનામા કરી લગતા વળગતા સાહેદોના નિવેદન લઈ આરોપીની વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

## (૩).. કોર્ટ કાર્યવાહી

આ કોર્ટમાં ચાર્જશીટ રજુ થતાં, આરોપી હાજર થયેલ છે. અત્રેની કોર્ટ દવારા આરોપીને વિના મુલ્યે પોલીસ પેપર્સની નકલ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે મળ્યાની ખાતરી કર્યા બાદ ઉપરોકત ગુન્હા અંગેનુ આરોપી વિરૂધ્ધ આંક–૧૨ થી તહોમતનામુ ફરમાવી આંક–૧૩ થી પ્લી નોંધવામાં આવેલ છે. આરોપીએ પોતાની સામેના તહોમતનો ઈન્કાર કરતા, કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૪)..** ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

**::મૌખિક પુરાવો::**

| અ.નં. | આંક | પુરાવાની વિગત |
|---|---|---|
| ૧ | ૨૧ | પંચ સાહેદ જત મલેક આશીફખાન કેશરખાન ની જુબાની |
| ૨ | ૨૬ | પંચ સાહેદ રાઠોડ મહેન્દ્રસિંહ પ્રતાપસિંહ ની જુબાની |
| ૩ | ૩૪ | ફરીયાદી ધીરુભાઈ રૂગનાથભાઈ જુબાની |
| ૪ | ૩૮ | સાહેદ મેરાજભાઈ સેંધાભાઈ ની જુબાની |
| ૫ | ૩૯ | સાહેદ અમીતકુમાર મણીલાલ ની જુબાની |
| ૬ | ૪૧–એ | ત.ક.અધિકારીશ્રી દિલીપભાઈ વિશ્રામભાઈ ખરાડીની જુબાની |
| ૭ | ૫૦ | સાહેદ ચેલાભાઈ બેચરભાઈ ચૌધરી ની જુબાની |

**::દસ્તાવેજી પુરાવો::**

| અ.નં. | આંક | પુરાવાની વિગત |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ૨૨ | મુદામાલ કબજે કર્યાનું પંચનામુ અસલ |
| ૨ | ૨૩ થી ૨૫ | કાપલીઓ |
| ૩ | ૩૫ | ફરીયાદ |
| ૪ | ૪૨,૪૩ | તપાસણી સર્ટીફીકેટ ની યાદી |
| ૫ | ૪૪,૪૫ | એફ.એસ.એલ. રીપોર્ટ |
| ૬ | ૪૬ | ચાર્જશીટ કરવા મંજુરીની અરજી |
| ૭ | ૪૭ | ચાર્જશીટ મંજુર કરવા આપતો પત્ર |
| ૮ | ૫૧ | ડેપ્યુટ હુકમ |
| ૯ | ૫૨ | રવાનગી પત્રક, સત્તા અંગેનું પ્રમાણપત્ર |

આ સિવાય ફરીયાદપક્ષે અન્ય પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને ફરીયાદ પક્ષે પુરાવો બંધ કરવાનું મૌખિક રીતે જાહેર કરેલ હોય, ફરીયાદપક્ષનો પુરાવો ન્યાયના હિતમાં બંધ કરવામાં આવેલ છે.

(૫).. <u>બચાવપક્ષનો પુરાવો</u>

ઉપરોકત વિગતોએ રજુ ફરીયાદપક્ષના પુરાવાના અંતે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અનુસાર આરોપીનુ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે જેમાં આરોપીએ ફરીયાદપક્ષના પુરાવાને નકારી કાઢી વિશેષમાં આરોપીએ પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે.

(૬).. <u>દલીલો</u>

આ કામમાં ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક દલીલો તથા આરોપી ના વિ.વકીલશ્રી એસ.એ. થેબા ની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭).. <u>મુદાઓ</u>

**મુદા નં.(૧)..** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાના કબ્જા ભોગવટામાં ગે.કા. વગર પાસ પરવાનાની દેશી હાથ બનાવટની બંદુક નંગ.૧ કિ.રૂ.૫૦૦૦/– ની તથા પ્લાસ્ટીકની બોટલ

નંગ.–૨ જેમાં કાળા કલરનો પાવડર ભરેલ તથા કપડાની બેગીમાં નાના ગોળાકાર છરા નંગ–૪૯ નો મુદામાલ રાખી પોલીસ રેઇડ દરમ્યાન પકડાઇ જઇ ગુનો કરેલ હોય તે અંગેની ફરીયાદ ફરીયાદીએ નોંધાવતા જે વારાહી પોલીસ સ્ટેશનના સેકન્ડ ગુ.ર. નં.૩૬/૨૦૧૮ થી ધી આર્મસ એકટ કલમ–૨૫(૧–બી)એ મુજબનો ગુન્હો કર્યો છે ?

**મુદા નં.(૨).. શું હુકમ ?**

(૮).. ઉપરોકત મુદાઓના મારા જવાબો નીચે મુજબ છે.

**મુદા નં.(૧) નકારમાં,**

**મુદા નં.(૨) આખરી હુકમ મુજબ**

**//નિર્ણય માટેના કારણો//**

(૯).. આ કામે આરોપીઓ વિરૂધ્ધના આક્ષેપીત ગુન્હાઓ તથા રેકર્ડ ઉપરનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા, પુરાવાનું પુનરાવર્તન ટાળવા માટે તથા સરળતાના હેતુથી તમામ મુદાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે. હાલના કેસની ચર્ચા કરતા પહેલા સદર કેસ સંબંધી કેટલીક કાયદાકીય જોગવાઇઓ અને ફોજદારી કાયદાના સ્થાપીત સિધ્ધાંતો ધ્યાને લેતા જરૂરી જણાતા હોય તેની ચર્ચા કરવી ન્યાયીક જણાય છે.

**ફોજદારી કાનુન શાસ્ત્રોના સિધ્ધાંત અને ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંત**

(૧૦).. ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ ''પુરાવાનું મુલ્યાંકન'' શબ્દ પુરાવાના કાયદામાં વ્યાખ્યાબધ રીતે કરવામાં આવેલ તેમજ કાનુન સમર્પીત કોઇ નિયમ પણ નથી. પુરાવાની મુલવણી કેવી રીતે કરવી તે દરેક કેસની હકીકત પર આધારીત છે. પુરાવાની મુલવણી ભારતીય પુરાવા કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલ ''સાબિત'' અને ''ના સાબિત'' વ્યાખ્યા પર આધારીત છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ પર રહેલો છે અને ફરીયાદપક્ષે પોતાની હકીકત વાજબી શંકાથી પર સાબિત કરવાનો હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભાવના દર્શાવેલ હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં હોતી નથી. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો કયારેય આરોપી પર ખસેડી શકાય નહી અને તેથી

બચાવપક્ષે પોતાની નિર્દોષતા સાબિત કરવાની રહેતી નથી. સદર ગુન્હામાં તહોમત સાબિત કરવા ફરીયાદપક્ષની ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૦૧ અને ૧૦૩ મુજબ સચોટ પુરાવો રજુ કરીને આરોપી સામેનો ગુન્હાના તત્વો પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ પર રહે છે. ફરીયાદપક્ષે માત્ર સંભાવના દર્શાવવાની હોતી નથી પરંતુ આરોપી પરના તહોમતના ગુન્હાના તત્વો વાજબી શંકાથી પર પુરવાર કરવાના રહે છે. જયારે આરોપીપક્ષે પોતાનો બચાવ સંભવિતતાના સિધ્ધાંત પર પુરવાર કરવાનો રહે છે અને તે માટે આરોપીપક્ષ ફરીયાદપક્ષના પુરાવા દરમિયાન ઉલટતપાસમાં તે હકીકત પુરવાર કરી શકે છે. ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ મૌખિક પુરાવાને ત્રણ રીતે વર્ગીકૃત કરી શકાય, (૧) સંપૂર્ણ વિશ્વાસપાત્ર (૨) સંપૂર્ણ અવિશ્વાસનીય (૩) સંપૂર્ણ વિશ્વાસપાત્ર પણ નહી અને સંપૂર્ણ અવિશ્વાસનીય પણ નહી. કાયદાનો એવો કોઈ પ્રસ્થાપિત નિયમ નથી કે સાક્ષીના પુરાવાને હંમેશા સમર્થન મળવુ જ જોઈએ. કોઈ સાક્ષીના પુરાવાને સાચો માનવા અથવા તેવા પુરાવા પર આધાર રાખી આગળ વધવા માટે હંમેશા અન્ય સાક્ષીઓનું સમર્થન હોવુ જ જોઈએ તેવો પ્રસ્થાપિત નિયમ હોય જ ન શકે. સમર્થન એ કાયદાનો નહી પરંતુ ડાહપણનો નિયમ છે. ભારતીય ન્યાય પ્રણાલી મુજબ સાક્ષીઓની સંખ્યા મહત્વની નથી. પરંતુ પુરાવાની સંખ્યા મહત્વની નથી પરંતુ પુરાવાની ગુણવત્તા મહત્વની છે અને તેથી જ નિ:શંકપણે ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૩૪ જણાવે છે કે, કોઈ હકીકત પુરવાર કરવા માટે અમુક સંખ્યામાં સાક્ષીઓ હોવા જરૂરી નથી પરંતુ કોઈ એક જ સાક્ષીના પુરાવાથી હકીકત પુરવાર થઈ શકે. આ સિધ્ધાંત નજર સમક્ષ રાખી રજુ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

## પુરાવાનુ મુલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદાઓ

**(નોંધ:– નામદાર સર્વોચ્ચ અદાલત અને નામદાર હાઈકોર્ટ પોતાના ચુકાદામાં ઠરાવેલ છે તેનો ભાવાર્થ ભાષાંતર કરવાથી બદલાઈ ન જાય તે હેતુને ધ્યાને રાખી જજમેન્ટના રીલેવન્ટ પેરા/શબ્દ પોતાના ચુકાદામાં જણાવેલ શબ્દશ: અનુવાદ કર્યા સીવાય લખવામાં આવેલ છે.)**

**[1] cast iron perfection:**a judge does not preside over a criminal trial,merely too see that no innocent man is punished.a judge also presides to see that guilty man

does not escape.both are public duties.justice cannot be made sterile on the plea that it is better to let a hundred guilty escape than punish an innocent.letting the guilty escape is not doing justice according to law the proof beyond the reasonable doubt is mere guid-line and not fetish.reasonalble doubt is not an imaginary,trivial or merely possible doubt,but a fair doubt based upon reason and common sense.there cannot be a prosecution case with a cast-iron perfection in all respects and reason being that the perfection to that degree in ordinary course of human life is an utopian though.[jayantilal kuberdas sharma vs. state-2007 (1) GLR99]

**[2] Miscarriage:** A miscarriage of justice which may arise from the acquittal of guilty is not less then from the conviction of an innocent.[allarakha k.mansuri vs.state of gujarat-AIR 2002 SC 1051]

**[3] Evolution:** in the criminal case, the court cannot proceed to consider the evidence of the prosection witnesses in a mechanical way.the board features of the prosecution case,the probabilities and normal course of human conduct of a prudent person are some of the factors which are always kept in mind while evaluating the merit of the case.[hardeep vs.state of hariyana and anr.AIR 2002 SC 3018]

**[4] Evidence as a whole:** the evidence cannot be read in piecemeal and defence cannot take advantage of reading some one or two portions here and there from

evidence of witness.the evidence is require to be read as a whole and thereafter it is require to be weighed and appraised.

**[5] contradictions:**minor contradictions cannot effect the prosicution case only those contradictions that lead to version can have adverse impact.

**[6] Discrepancies:**normal discrepancies in evidence are those which are due to normal errors of observation,normal errors of memory due to lapse of time,due to mental disposition such as shock and horror at the time of occurrence and those are always there,however honest and truthfull a witness may be.material discrepancies are those which are not normal.and not expected of a normal person.courts have to label the category to which a discrepancy may be categorized.while normal discrepancies do not corrode the credibility of a party's case,material discrepancies do so.[kulesh mondal vs.state of west bengal-AIR 2007 SC 3228]

**ફરીયાદપક્ષે તેમનો કેસ સાબિત કરવા રજુ કરેલ મૌખિક પુરાવો :–**

**(૧૧)..** ફરીયાદપક્ષે તેઓનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે જો આરોપીઓ સામે રજુ કરવામાં આવેલ પુરાવો એક સળંગ સાંકળની જેમ એક કડીથી બીજી કડીને સાંકળે તેવો સળંગ પુરાવો રજુ કરવામાં આવે તો જ આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર થયેલ માની શકાય અને તેથી ફરીયાદપક્ષ તરફે રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.૧ તરીકે પંચ સાહેદ જત મલેક આશીફખાન કેશરખાન ને આંક–૨૧ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તા.૧૫/૦૬/૨૦૧૮ ના રોજ

વારાહી નવા બસ સ્ટેન્ડ પાસે પુલ નીચે ચા ની હોટલે બોલાવી એક લખેલા તૈયાર પંચનામામાં મારી સહી કરાવેલી, પોલીસ મને કયાંય લઇ ગયેલ હોય કે મારી રુબરુમાં કોઇ ઇસમ પાસેથી દેશી હાથ બનાવટની બંદુક, કાળા કલરનો પાવડર, ૪૯ નંગ નાના ગોળાકાર છરા કબજે લીધેલ હોય કે તે અંગે કોઇ પંચનામું થયેલું હોય તેવું કાંઇ બનેલ નથી, મને અસલ પંચનામું બતાવવામાં આવે છે તેમાં અનુક્રમ નં.૧ ઉપર મારી સહી છે જે હું ઓળખું છું જે રજુ થતાં દાખલ આંક–૨૨ આપવામાં આવે છે. મને મુદામાલ આર્ટીકલ નં.૧ એફ.એસ.એલ. નો શીલબંધ છે તે ખોલી જોતાં તેમાંથી એક દેશી હાથ બનાવટની બંદુક બતાવવામાં આવે છે અને તેના ઉપર સહીઓ વાળી કાપલી ચોંડેલ છે તે કાપલી મને બતાવવામાં આવે છે તેના ઉપર સહીઓ વાળી કાપલી ચોંડેલ છે તે કાપલી મને બતાવવામાં આવે છે તેમાં અનુક્રમ નં.૧ ઉપર મારી પોતાની સહી છે જે હું ઓળખુ છુ જે સ્લીપને આંક–૨૩ આપવામાં આવે છે. મને મુદામાલ આર્ટીકલ નં.૧ ના પાર્સલ નં.૨ કાળા કલરના પાવડર ઉપર સહીઓ વાળી કાપલી ચોંડેલ છે તે બતાવવામાં આવે છે તેમાં તથા પાર્સલ નં.૩ ધાતુના છરા નંગ–૪૯ વાળી થેલીઓમાં સહીઓ વાળી કાપલી બતાવવામાં આવે તે બંને સ્લીપો પર અનુક્રમ નં.૧ ઉપર મારી સહીઓ છે જે હું ઓળખુ છું જે બંને સ્લીપોને અનુક્રમે રજુ દાખલ આંક–૨૪ તથા આંક–૨૫ આપવામાં આવે છે. આ પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવા છતા તેઓ કોઇ ફળદાયક હકીકત જણાવતા નથી.

આ પંચ સાહેદની બચાવપક્ષ દવારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં પંચ સાહેદે જણાવેલ છે કે, તૈયાર પંચનામામાં સહી કરેલી તે સિવાય અમો બીજું કંઇ જાણતા નથી.

**(૧૧.૧)** આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.૨ તરીકે પંચ સાહેદ રાઠોડ મહેન્દ્રસિંહ પ્રતાપસિંહ ને આંક–૨૬ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તા.૧૫/૦૬/૨૦૧૮ ના રોજ વારાહી નવા બસ સ્ટેન્ડ પાસે પુલ નીચે ચા ની હોટલે બોલાવી એક લખેલા તૈયાર પંચનામામાં મારી સહી કરાવેલી, પોલીસ મને કયાંય લઇ ગયેલ હોય કે મારી રુબરુમાં કોઇ ઇસમ પાસેથી દેશી હાથ બનાવટની બંદુક, કાળા કલરનો પાવડર, ૪૯ નંગ નાના ગોળાકાર છરા કબજે લીધેલ હોય કે તે અંગે કોઇ પંચનામું થયેલું હોય તેવું કાંઇ બનેલ નથી, મને અસલ

પંચનામું બતાવવામાં આવે છે તેમાં અનુક્રમ નં.૧ ઉપર મારી સહી છે જે હું ઓળખું છું જે રજુ થતાં દાખલ આંક–૨૨ આપવામાં આવે છે. મને મુદામાલ આર્ટીકલ નં.૧ એફ.એસ.એલ. નો શીલબંધ છે તે ખોલી જોતાં તેમાંથી એક દેશી હાથ બનાવટની બંદુક બતાવવામાં આવે છે અને તેના ઉપર સહીઓ વાળી કાપલી ચોડેલ છે તે કાપલી મને બતાવવામાં આવે છે તેના ઉપર સહીઓ વાળી કાપલી ચોડેલ છે તે કાપલી મને બતાવવામાં આવે છે તેમાં અનુક્રમ નં.૧ ઉપર મારી પોતાની સહી છે જે હું ઓળખુ છુ જે સ્લીપને આંક–૨૩ આપવામાં આવે છે.મને મુદામાલ આર્ટીકલ નં.૧ ના પાર્સલ નં.૨ કાળા કલરના પાવડર ઉપર સહીઓ વાળી કાપલી ચોડેલ છે તે બતાવવામાં આવે છે તેમાં તથા પાર્સલ નં.૩ ધાતુના છરા નંગ–૪૯ વાળી થેલીઓમાં સહીઓ વાળી કાપલી બતાવવામાં આવે તે બંને સ્લીપો પર અનુક્રમ નં.૧ ઉપર મારી સહીઓ છે જે હું ઓળખુ છું જે બંને સ્લીપોને અનુક્રમે રજુ દાખલ આંક–૨૪ તથા આંક–૨૫ આપવામાં આવે છે. આ પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી. શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવા છતા તેઓ કોઇ ફળદાયક હકીકત જણાવતા નથી.

આ પંચ સાહેદની બચાવપક્ષ દવારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં પંચ સાહેદે જણાવેલ છે કે, તૈયાર પંચનામામાં સહી કરેલી તે સિવાય અમો બીજું કંઇ જાણતા નથી.

**(૧૧.૨)** આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.૩ તરીકે ફરીયાદી ધીરુભાઇ રૂગનાથભાઇ ને આંક–૩૪ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તારીખ ૧૫/૦૬/૨૦૧૮ ના રોજ અમો વારાહી પો.સ્ટે.માં કોમ્બીંગ નાઇટમાં પેટ્રોલીંગમાં હતા તે દરમીયાન અમો વારાહી ટાઉનમાં હતા ત્યારે ખાનગી પો.કો.જયદેવભાઇ ધીરજિભાઇ, પો.કો.મેરાજભાઇ સેધાભાઇનાઓને ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે, કે વાદળી થર ગામે સીંધી મધરા કરીમભાઇ સુમારભાઇનાઓના ઘરે દેશી બનાવટની બંદુક ગેરકાયદેસર રીતે રાખેલ છે.જે બાતમી હકિકતના આધારે અમો તેઓના ઘરે જઇ તેઓ પોતાન ઘરે ખુલ્લામાં ખટલા ઉપર સુતેલા હતા તે દરમીયાન અમો પોલીસે કોર્ડન કરી સીંધી મધરા કરીમભાઇને પકડી પાડી તેઓ જે ખટલામાં સુતેલ હતા તેની બાજુમાં માટીનો ઢગલો પડેલ હતો તેમાં અમોને શંકા જતા જે ઢગલો જોતા તેમાંથી એક દેશી બનાવટની લાક્ડાની બંદુક મળી

આવેલ. જેની કિમત રૂ.૫૦૦૦/–તથા એક પ્લાસ્ટીકની થેલી મળી આવેલ જે થેલીનું મોઢીયું ખોલી જોતા તેમાં બે પ્લાસ્ટીકની બોટ મળી આવેલ. આ બોટલોના બુચ ખોલી જોતા તેની અંદર કાળા કલરનો પાવડર મળી આવેલ તથા તેની બાજુમાં એક નાની બેગ મળી આવેલ જે બેગ ખોલી જોતા તેમાંથી ગોળ કાળા છરા કુલ નંગ ૪૯ મળી આવેલ.જેની કિંમત રૂ.૦૦ ગણી જેનું વિગતવારનું પંચનામું કલાક–૦૦:૩૦ થી કલાક– ૨:૦૦ સુધી કરેલ.જે આધરે અમોએ ફરીયાદ આપેલ.જે અસલ ફરીયાદ આજરોજ રજુ કરુ છુ જેમાં મારી સહી છે જે હું ઓળખુ છુ જે ને રજુ દાખલ આંક–૩૫ આપવામાં આવે છે.

આ ફરીયાદીની બચાવપક્ષ દવારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં ફરીયાદીએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, વારાહી પો.સ્ટે.માં મે દસ વર્ષ સુધી ફરજ બજવેલ છે. કે દસ વર્ષ ફરજ બજાવેલ હોવાથી આ વિસ્તરાથી હું પરીચીત છુ.અમો વારહી પો.સ્ટે. થી સરકારી વાહનમાં કલાક ૨૩:૦૦ વાગે પેટ્રોલીંગમા નીકળેલા અને પેટ્રોલીંગ દરમ્યાન અમારી સાથે બીજ ત્રણથી ચાર પોલીસ કર્મચારી હતા. આ સરકારી વાહનમાં ડ્રાયવર સરકારી કર્મચરી હતા. બાતમી મને મળેલ નહી. સાહેદ જણાઅવે છે કે, આ બાતમી પી.સી. જયદેવભાઇ ધીરજી ભાઇ તથા પી.સી.મેરાજભાઇ સેંધાભાઇને મળેલી આ બાતમી તેઓને કલાક–૨૩:૩૦ ના સમયે મળેલ. પંચો સાથે મેં કોઇ વાત કરેલ નહી. સાહેદ જણવે છે કે, સી.બી.ચૌધરી સાહેબે કરેલી અને આ પંચોને બોલાવવા પોલીસ સ્ટાફના મણસો ગયેલ. જે પંચોમા એક મહેન્દ્ર સીંહ પ્રતાપસીંહ અને બીજા પંચનું નામ મને યાદ નથી. અમો વાદાળીથર ગામ પહોંચ્યા ત્યારે આમોએ ગામના અન્ય કોઇ ઇસમો જોડે કોઇ વાત થયેલ નહી. બનાવ અગાઉ કહેવાતા બનાવવાળી જગ્યાએ અમો ક્યારે ગયેલ નથી. આ બનાવવાળી જગ્યા કોની માલીકિ અને કોના કબજા હક્ક ભોગવટમાં આવેલી હતી તેના મે કોઇ આધાર મેળવેલા નહી. બનાવ સ્થેળે જવા માટે અમારી પાસે બીજુ અન્ય પ્રાઇવેટ વાહન પણ હતુ. એ વાતની મને ખબર નથી કે, આ પ્રાઇવેટ વાહન કોની માલીકી અને કબજા હકક ભોગવટાનું તથા તેમાં ડ્રાઇવર કોણ હતા એનો મને કોઇ ખ્યા નથી. બનાવ સમયે અમો વહનમાં મટીરીયલ સાથે લઇને નીકળેલા.જેમાં એક કપડુ, સરકારી સીલ, સીક્કા, લાખ વિગેરે સાથે લઇને નીકળેલા. આ સીવાય અમારી પાસે વાહનમાં બીજી કોઇ અન્ય સાધન સામગ્રી

ઉપલબ્ધ ન હતી. કોઇ પણ વસ્તુની લંબાઇ કે પહોળાઇ માપવા માટે ફુટ પટીની જરુર પડે. આવી કોઇ ફુટપટી અમારી પાસે વાહનમાં હતી નહી. ફરીયાદ આપ્યાબાદ પંચાનામાની કાર્યવાહી શરુ થયેલ. હવે સાહેદ જણાઅવે છે કે, ફરીયાદ આપ્યા પહેલા પંચનામીની કાર્યવાહી કરેલી. એ વાતની મને ખબર છે કે, જે સરકારી વાહન લઇ અમો નીકળાલે તેનો નંબર મને યાદ નથી. આ ગુના લગતની તમામ કાર્યવાહી અમારા સાહેબે કરેલી. પંચનામાનું લખાણ સહેબની રુબરુ લખેલુ. આ સિવાયની અન્ય હકીકતો ને નકારી કાઢેલ.

**(૧૧.૩)** આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.૪ તરીકે સાહેદ મેરાજભાઇ સેંધાભાઇ ને આંક–૩૮ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે,તારીખ ૧૫/૦૬/૨૦૧૮ ના રોજ અમો વારાહી પો.સ્ટે.માં કોમ્બીંગ નાઇટમાં પેટ્રોલીંગમાં હતા તે દરમીયાન અમો વારાહી ટાઉનમાં હતા ત્યારે ખાનગી પો.કો.જયદેવભાઇ ધીરજિભાઇ, પો.કો.મેરાજભાઇ સેધાભાઇનાઓને ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે, કે વાદળી થર ગામે સીંધી મધરા કરીમભાઇ સુમારભાઇ નાઓના ઘરે દેશી બનાવટની બંદુક ગેરકાયદેસર રીતે રાખેલ છે. જે બાતમી હકિકતના આધારે અમો  તેઓના ઘરે જઇ તેઓ પોતાન ઘરે ખુલ્લામાં ખટલા ઉપર સુતેલા હતા તે દરમીયાન અમો પોલીસે કોર્ડન કરી સીંધી મધરા કરીમભાઇને પકડી પાડી તેઓ જે ખટલામાં સુતેલ હતા તેની બાજુમાં માટીનો ઢગલો પડેલ હતો તેમાં અમોને શંકા જતા જે ઢગલો જોતા તેમાંથી એક દેશી બનાવટની લાક્ડાની બંદુક મળી આવેલ. જેની કિમત રૂ.૫૦૦૦/– તથા એક પ્લાસ્ટીકની થેલી મળી આવેલ જે થેલીનું મોઢીયું ખોલી જોતા તેમાં બે પ્લાસ્ટીકની બોટ મળી આવેલ. આ બોટલોના બુચ ખોલી જોતા તેની અંદર કાળા કલરનો પાવડર મળી આવેલ તથા તેની બાજુમાં એક નાની બેગ મળી આવેલ જે બેગ ખોલી જોતા તેમાંથી ગોળ કાળા છરા કુલ નંગ ૪૯ મળી આવેલ.જેની કિંમત રૂ.૦૦ ગણી જેનું વિગતવારનું પંચનામું કલાક–૦૦:૩૦ થી કલાક– ૨:૦૦ સુધી કરેલ.જે આધરે અમારો જવાબ લીધેલો.

આ સાહેદની બચાવપક્ષ દવારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં સાહેદે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, વારાહી પો.સ્ટે.માં મે દસ વર્ષ સુધી ફરજ બજવેલ છે. દસ વર્ષ ફરજ બજાવેલ હોવાથી આ વિસ્તરાથી હું પરીચીત છુ.અમો વારહી પો.સ્ટે. થી સરકારી વાહનમાં કલાક ૨૩:૦૦ વાગે પેટ્રોલીંગમા નીકળેલા અને પેટ્રોલીંગ

દરમ્યાન અમારી સાથે બીજ ત્રણથી ચાર પોલીસ કર્મચારી હતા. આ સરકારી વાહનમાં ડ્રાયવર સરકારી કર્મચરી હતા. બાતમી મને મળેલ નહી. સાહેદ જણાઅવે છે કે, આ બાતમી પી.સી. જયદેવભાઇ ધીરજી ભાઇ તથા પી.સી.મેરાજભાઇ સેંધાભાઇને મળેલી આ બાતમી તેઓને કલાક–૨૩:૩૦ ના સમયે મળેલ. પંચો સાથે મેં કોઇ વાત કરેલ નહી. સાહેદ જણવે છે કે, સી.બી.ચૌધરી સાહેબે કરેલી અને આ પંચોને બોલાવવા પોલીસ સ્ટાફના મણસો ગયેલ. જે પંચોમા એક મહેન્દ્ર સીંહ પ્રતાપસીંહ અને બીજા પંચનું નામ મને યાદ નથી. અમો વાદાળીથર ગામ પહોંચ્યા ત્યારે આમોએ ગામના અન્ય કોઇ ઇસમો જોડે કોઇ વાત થયેલ નહી. બનાવ અગાઉ કહેવાતા બનાવવાળી જગ્યાએ અમો ક્યારે ગયેલ નથી. આ બનાવવાળી જગ્યા કોની માલીકિ અને કોના કબજા હક્ક ભોગવટમાં આવેલી હતી તેના મે કોઇ આધાર મેળવેલા નહી. બનાવ સ્થેળે જવા માટે અમારી પાસે બીજુ અન્ય પ્રાઇવેટ વાહન પણ હતુ. એ વાતની મને ખબર નથી કે, આ પ્રાઇવેટ વાહન કોની માલીકી અને કબજા હકક ભોગવટાનું તથા તેમાં ડ્રાઇવર કોણ હતા એનો મને કોઇ ખ્યા નથી. બનાવ સમયે અમો વહનમાં મટીરીયલ સાથે લઇને નીકળેલા.જેમાં એક કપડુ, સરકારી સીલ, સીક્કા, લાખ વિગેરે સાથે લઇને નીકળેલા. આ સીવાય અમારી પાસે વાહનમાં બીજી કોઇ અન્ય સાધન સામગ્રી ઉપલબ્ધ ન હતી. કોઇ પણ વસ્તુની લંબાઇ કે પહોળાઇ માપવા માટે ફુટ પટીની જરુર પડે. આવી કોઇ ફુટપટી અમારી પાસે વાહનમાં હતી નહી. ફરીયાદ આપ્યા બાદ પંચાનામાની કાર્યવાહી શરુ થયેલ. હવે સાહેદ જણાઅવે છે કે, ફરીયાદ આપ્યા પહેલા પંચનામીની કાર્યવાહી કરેલી. એ વાતની મને ખબર છે કે, જે સરકારી વાહન લઇ અમો નીકળાલે તેનો નંબર મને યાદ નથી. આ ગુના લગતની તમામ કાર્યવાહી અમારા સાહેબે કરેલી. પંચનામાનું લખાણ સહેબની રુબરુ લખેલુ. આ સિવાયની અન્ય હકીકતો ને નકારી કાઢેલ.

**(૧૧.૪)** આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.પ તરીકે સાહેદ અમીતકુમાર મણીલાલ ને આંક–૩૯ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તારીખ ૧૫/૦૬/૨૦૧૮ ના રોજ અમો વારાહી પો.સ્ટે.માં કોમ્બીંગ નાઇટમાં પેટ્રોલીંગમાં હતા તે દરમીયાન અમો વારાહી ટાઉનમાં હતા ત્યારે ખાનગી પો.કો.જયદેવભાઇ ધીરજિભાઇ, પો.કો.મેરાજભાઇ સેધાભાઇનાઓને ખાનગી

રાહે બાતમી હકિકત મળેલ કે, કે વાદળી થર ગામે સીંધી મધરા કરીમભાઇ સુમારભાઇનાઓના ઘરે દેશી બનાવટની બંદુક ગેરકાયદેસર રીતે રાખેલ છે.જે બાતમી હકિકતના આધારે અમો તેઓના ઘરે જઇ તેઓ પોતાન ઘરે ખુલ્લામાં ખટલા ઉપર સુતેલા હતા તે દરમીયાન અમો પોલીસે કોર્ડન કરી સીંધી મધરા કરીમભાઇને પકડી પાડી તેઓ જે ખટલામાં સુતેલ હતા તેની બાજુમાં માટીનો ઢગલો પડેલ હતો તેમાં અમોને શંકા જતા જે ઢગલો જોતા તેમાંથી એક દેશી બનાવટની લાક્ડાની બંદુક મળી આવેલ. જેની કિમત રૂ.૫૦૦૦/-તથા એક પ્લાસ્ટીકની થેલી મળી આવેલ જે થેલીનું મોઢીયું ખોલી જોતા તેમાં બે પ્લાસ્ટીકની બોટ મળી આવેલ. આ બોટલોના બુચ ખોલી જોતા તેની અંદર કાળા કલરનો પાવડર મળી આવેલ તથા તેની બાજુમાં એક નાની બેગ મળી આવેલ જે બેગ ખોલી જોતા તેમાંથી ગોળ કાળા છરા કુલ નંગ ૪૯ મળી આવેલ.જેની કિંમત રૂ.૦૦ ગણી જેનું વિગતવારનું પંચનામું કલાક-૦૦:૩૦ થી કલાક- ૨:૦૦ સુધી કરેલ.જે આધરે અમારો જવાબ લીધેલો.

આ સાહેદની બચાવપક્ષ દવારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં સાહેદે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, વારાહી પો.સ્ટે.માં મે દસ વર્ષ સુધી ફરજ બજવેલ છે. કે દસ વર્ષ ફરજ બજાવેલ હોવાથી આ વિસ્તરાથી હું પરીચીત છુ.અમો વારહી પો.સ્ટે. થી સરકારી વાહનમાં કલાક ૨૩:૦૦ વાગે પેટ્રોલીંગમા નીકળેલા અને પેટ્રોલીંગ દરમ્યાન અમારી સાથે બીજ ત્રણથી ચાર પોલીસ કર્મચારી હતા. આ સરકારી વાહનમાં ડ્રાયવર સરકારી કર્મચરી હતા. બાતમી મને મળેલ નહી.સાહેદ જણાઅવે છે કે, આ બાતમી પી.સી. જયદેવભાઇ ધીરજી ભાઇ તથા પી.સી.મેરાજભાઇ સેંધાભાઇને મળેલી આ બાતમી તેઓને કલાક-૨૩:૩૦ ના સમયે મળેલ. પંચો સાથે મેં કોઇ વાત કરેલ નહી. સાહેદ જણવે છે કે,સી.બી.ચૌધરી સાહેબે કરેલી અને આ પંચોને બોલાવવા પોલીસ સ્ટાફના મણસો ગયેલ. જે પંચોમા એક મહેન્દ્ર સીંહ પ્રતાપસીંહ અને બીજા પંચનું નામ મને યાદ નથી. અમો વાદાળીથર ગામ પહોંચ્યા ત્યારે આમોએ ગામના અન્ય કોઇ ઇસમો જોડે કોઇ વાત થયેલ નહી. બનાવ અગાઉ કહેવાતા બનાવવાળી જગ્યાએ અમો ક્યારે ગયેલ નથી. આ બનાવવાળી જગ્યા કોની માલીકિ અને કોના કબજા હક્ક ભોગવટમાં આવેલી હતી તેના મે કોઇ આધાર મેળવેલા નહી. બનાવ સ્થેળે જવા માટે અમારી પાસે બીજુ અન્ય પ્રાઇવેટ વાહન પણ હતુ. એ વાતની મને ખબર

નથી કે, આ પ્રાઇવેટ વાહન કોની માલીકી અને કબજા હકક ભોગવટાનું તથા તેમાં ડ્રાઇવર કોણ હતા એનો મને કોઇ ખ્યા નથી. બનાવ સમયે અમો વહનમાં મટીરીયલ સાથે લઇને નીકળેલા.જેમાં એક કપડુ, સરકારી સીલ, સીક્કા, લાખ વિગેરે સાથે લઇને નીકળેલા. આ સીવાય અમારી પાસે વાહનમાં બીજી કોઇ અન્ય સાધન સામગ્રી ઉપલબ્ધ ન હતી. કોઇ પણ વસ્તુની લંબાઇ કે પહોળાઇ માપવા માટે ફુટ પટીની જરુર પડે. આવી કોઇ ફુટપટી અમારી પાસે વાહનમાં હતી નહી. ફરીયાદ આપ્યા બાદ પંચાનામાની કાર્યવાહી શરુ થયેલ. હવે સાહેદ જણાઅવે છે કે, ફરીયાદ આપ્યા પહેલા પંચનામી ની કાર્યવાહી કરેલી. એ વાતની મને ખબર છે કે, જે સરકારી વાહન લઇ અમો નીકળાલે તેનો નંબર મને યાદ નથી. આ ગુના લગતની તમામ કાર્યવાહી અમારા સાહેબે કરેલી. પંચનામાનું લખાણ સહેબની રુબરુ લખેલુ. આ સિવાયની અન્ય હકીકતોને નકારી કાઢેલ.

**(૧૧.૫)** આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.૬ તરીકે ત.ક.અધિકારીશ્રી દિલીપકુમાર વિશ્રામભાઇ ખરાડી ને આંક-૪૧-એ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, સને ૨૦૨૦ માં હું વારાહી પો.સ્ટે.માં પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતો હતો દરમીયાન પી.એસ.આઇ શ્રી એમ.એમ. માળીનાઓની બદલી થતા વારાહી પોસ્ટે પાર્ટ સે-ગુ રજી.નં.૩૬/૨૦૧૮ ના કામની તપાસ મને મળતા મે તે સંભાળી લીધેલી અને તા.૧૦/૦૬/૨૦૨૦ ના રોજ થી તા.૨૧/૦૭/૨૦૨૦ સુધીમે એફ.એસ.એલ. ગાંધીનગરનાઓને કબજે કરેલ મુદામાલ પ્રુથકરણ સારુ મોકલેલ હોય તે મુદામાલ તથા પ્રુથકરણ રીપોર્ટ મોકલી આપતા જે કુલ-૨ રીપોર્ટોની ઓ.સી. કોપી આ સાથે રજુ કરુ છુ જેને રજુ દાખલ આંક-૪૨ થી ૪૩ આપવામાં આવે છે જે રીપોર્ટો આધારે એફ.એસ.એલ. ગાંધીનગરનાઓએ મને એફ.એસ.એલ. રીપોર્ટ મોકલી આપેલ જે બન્ને એફ.એસ.એલ. રીપોર્ટ આ સાથે રજુ કરુ છુ જેને રજુ દાખલ આંક-૪૪ થી ૪૫ આપવામાં આવે છે. આ કામના આરોપી વિરુધ ચાર્જશીટ કરવા સારુ નામદાર જીલા મેજી.સા.શ્રીનાઓની મંજુરી મેળવવી જરુરી હોય મે તા.૨૩/૦૭/૨૦૨૦ ના રોજ મંજુરી મેળવવા રીપોર્ટ કરેલ હોય જે રીપોર્ટની ઓ.સી. કે જેમાં મારી સહી છે જે ઓળખુ છુ અને આ સાથે રજુ કરુ છુ જેને રજુ દાખલ આક-૪૬ આપવામાં આવે છે જે રીપોર્ટ આધારે જી.મેજી.સા.

શ્રીએ આર્મ્સ એક્ટ કલમ–૩૯ મુજબ મંજુરી હુકમ કરેલો જે અસલ હુકમ આ સાથે રજુ કરુ છુ જેને રજુ દાખલ આંક–૪૭ આપવામાં આવે છે.આ કામના તહોમતદાર વિરુધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરી નામદાર કોર્ટમાં મોકલી આપેલ હું આ કામના તહોમતદાર તેમજ કબજે લીધેલ મુદામાલ ઓળખી શકુ તહોમતદાર આજરોજ કોર્ટમાં હાજર છે જેને હું ઓળખુ છુ અને મુદામાલની ઓળખ અંગેની બચાવ પક્ષે તકરાર જતી કરેલ છે. મે આ કામે આ સિવાય બીજી કોઇ તપાસ કે કામગીરી કરેલ નથી.

આ ત.ક.અધિકારીશ્રીની બચાવપક્ષ દવારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં ત.ક.અધિકારીશ્રીએ જણાવેલ છે કે, કહેવાતા બનાવની રેડ સમયે મારી હાજરી ન હતી. મારી હાજરીમાં કોઇ મુદામાલ કબજે કરેલ નથી. મારી તપાસ દરમીયાન કોઇ સાહેદોના નિવેદન લીધેલ નથી કે કોઇ પંચનામ કરેલ નથી. મારી અગાઉના ત.ક.અધીકારીએ જે કાર્યવાહી કરેલી તે આધારે મે ચાર્જશીટ કરેલી.

**(૧૧.૬)** આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.૭ તરીકે ત.ક.અધિકારીશ્રી ચેલાભાઇ બેચરભાઇ ચૌધરી ને આંક–૫૦ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, સને ૨૦૧૮ મા હું વારાહી પો.સ્ટેમા પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતો હતો. તા.૧૫/૦૬/ ૨૦૧૮ ના રોજ હું તથા વારાહી પો.સ્ટાફના માણસો પો.કો.જયદેવભાઇ ધીરજિભાઇ, પો.કો.મેરાજભાઇ સેધાભા,અમીતકુમાર વિગેરનાઅ સાથે વારાહી પો.સ્ટે.વિસ્તારમાં કોમ્બીંગ નાઇટમાં પેટ્રોલીંગમાં હતા તે દરમીયાન અમો વારાહી ટાઉનમાં હતા ત્યારે સાથેના પો.કો. જયદેવભાઇ ધીરજિભાઇ, પો.કો.મેરાજભાઇ સેધાભાઇનાઓને ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે, કે વાદળી થર ગામે સીંધી મધરા કરીમભાઇ સુમારભાઇનાઓના ઘરે દેશી બનાવટની બંદુક ગેરકાયદેસર રીતે રાખેલ છે.જે બાતમી હકિકતના આધારે અમોએ પંચોના માણસો બોલાવી તેઓને બાતમી હકીકતથી વાકેફ કરી અરસપરસ ઝડતી તપાસ કરી બાતમીવાળી જગ્યાએ સરકારી વાહનમા ગયેલ જયાં આગળ એક ઈસમ પોતાના ઘરે ખુલ્લામાં ખટલા ઉપર સુતેલા હતા તે દરમીયાન અમો પોલીસે કોર્ડન કરી તેને પકડી લીધેલ અને પંચો રુબરુ તેણે પોતાનું નામ સીંધી મધરા કરીમભાઇ ના હોવાનું જણાવેલ જેને પકડી પાડી તેઓ જે ખટલામાં સુતેલ હતા તેની બાજુમાં માટીનો ઢગલો

પડેલ હતો તેમાં અમોને શંકા જતા જે ઢગલો જોતા તેમાંથી એક દેશી બનાવટની લાક્ડાની બંદુક મળી આવેલ. જેની કિમત રૂ.૫૦૦૦/– તથા એક પ્લાસ્ટીકની થેલી મળી આવેલ જે થેલીનું મોઢીયું ખોલી જોતા તેમાં બે પ્લાસ્ટીકની બોટલ મળી આવેલ. આ બોટલોના બુચ ખોલી જોતા તેની અંદર કાળા કલરનો પાવડર મળી આવેલ તથા તેની બાજુમાં એક નાની બેગ મળી આવેલ જે બેગ ખોલી જોતા તેમાંથી ગોળ કાળા છરા કુલ નંગ ૪૯ મળી આવેલ. જેની કિંમત રૂ.૦૦ ગણી આ બંદુક તેમજ છરા નંગ –૪૯ અને બોટલ નંગ –૨ અલગ અલગ કપડાની થેલીઓમા પેક કરી પંચોની તથા મારી સહી વાળી કાપલીઓ મુકી તેને શીલબંધ હાલતમા પેક કરી તેના પર વારાહી પો.સ્ટે.નું શીલ મારી કબજે લીધેલ જે આંક–૨૩,૨૪ અને ૨૫ વાળી સ્લીપો મને બતાવવમા આવે છે જેમા પંચોની તથા રુબરુમા મારી સહી છે જે તે જ હોવાનું હું ઓળખી બતાવું છું. જેનું વિગતવારનું પંચનામું કલાક–૦૦:૩૦ થી કલાક– ૨:૦૦ સુધી કરી લીધેલ જે આં ક–૨૨ વાળુ પંચનામુ મને બતાવવમા આવે છે.જેમા પંચોની રુબરુમા મારી સહી છે જે હું ઓળખી બતાવું છું.જે રેડ અનુસંધાને સાથેના હે.કો. ધીરુભાઈનાઓએ મારી રુબરુમા ફરીયાદ આપેલ જે આંક–૩૫ વાળી ફરીયાદ મને બતાવવમા આવે છે જે તે જ હોવાનું હું ઓળખી બતાવું છું. ફરીયાદ દાખલ કરવા સારુ પી.એસ.ઓ.ને યાદી સાથે ગુનો રજીસ્ટર કરવા સારુ મોકલી આપેલ જે યાદીમા મારી સહી ઓળખી બતાવી આ સાથે હું રજુ કરુ છું જે અનુસંધાને પી.એસ.ઓ. નરેન્દ્રસીંહનાઓએ વારાહી પો.સ્ટે. સે.ગુ.ર.નં. ૩૬/૧૮ નો દાખલ કરી આગળની તપાસ મને સોંપતા મે તે સંભાળી લીધેલ.જે ડેપ્યુટ હુંકમમા તેમની સહી ઓળખી બતાવી આ સાથે રજુ કરુ છું. જેને રજુ દાખલ આંક–૫૧ આપવામા આવે છે.તપાસ સંભાળી લીધા બાદ મે આરોપીની અટક કરી આગળની કાર્યવાહી કરેલી અને રેડીંગ પાર્ટીના સભ્યોના નીવેદનો લીધેલા અને પંચનામાની વીગતે કબજે લીધેલ મુદામાલ એફ.એસ.એલ. તપાસણી સારુ રવાનગી નોધ સાથે એફ.એસ.એલ. ગાધીનગર ખાતે મોકલી આપેલ જેમા મારી તથા મ.પો.અધિ.નાઓની સહી ઓળખી બતાવી આ કામે રજુ કરુ છું જેને રજુ દાખલ આંક–૫૨ આપવામા આવે છે.ત્યાર બાદ મારી બદલી થતા આગળની તપાસ એસ.આર.ચૌધરીનાઓને સોંપેલી. મે આ કામે આ

સીવાય બીજી કોઈ તપાસ કરેલ નથી. હું આ કામના આરોપી તથા મુદામાલ જોયેથી ઓળખી શકુ છુ. કબજે લીધેલ મુદામાલ બંદુક ,છરા તેમજ કાળા પાવડર વાળી બોટલ મને બતાવવામા આવે છે જે તે જ હોવાનું હું ઓળખી બતાવું છું.

આ ત.ક.અધિકારીશ્રીની બચાવપક્ષ દવારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં ત.ક.અધિકારીશ્રીએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, આ ગુનાની તપાસ મે તા.૧૫/૦૬/૨૦૧૮ના રોજ સંભાળી લીધેલ. હું આ વિસ્તારથી પરીચીત છું. પેટ્રોલીંગ અમોએ સરકારી વાહનમા કરેલ. સરકારી વાહનના ડ્રાઈવર કોણ હતા તે મને હાલે યાદ નથી. સરકારી વાહનનો આર.ટી.ઓ. રજી. નંબર શું હતો તે મને ખ્યાલ નથી. અમો સરકારી વાહનમા રાત્રીના ૦૦/૦૦ વાગે પેટ્રોલીંગમા નીકળેલા. મારી સાથે પેટ્રોલીંગમા સરકારી વાહનમા જયદેવભાઈ, કાંતીભાઈ, અમીતકુમાર અને મેરાજભાઈ નાઓ ના નામની ખબર છે અને આ સીવાય બાકીના કેટલા પોલીસ સ્ટાફના માણસો હતા તે મને હાલે યાદ નથી. કહેવાતી બાતમી મને મળેલ નથી. બાતમી મને મળેલ નહી પરંતું સાથેના માણસોએ મને બાતમીની જાણ કરેલી. બાતમીની જાણ મને રુબરુમા કરેલી. પંચો સાથે અમોએ કોઈ વાતચીત કરેલ નહી. બાતમીવાળી જગ્યાએ પહોચેલા ત્યારે અમો ગામના કોઈ ઈસમોને મળેલા નહી. બાતમી વાળી જગ્યાએ અમો કયારેય ગયેલા નથી. બાતમીવાળી જગ્યા કોની માલીકી અને કબજા ભોગવટાની હતી તેના કોઈ લેખીત આધારો અમોએ અમારી તપાસ દરમીયાન મેળવેલા નથી. બાતમી વાળી જગ્યાએ પેટ્રોલીંગમા જવા સરકારી વાહન સાથે બીજુ ખાનગી વાહન પણ હતું. સરકારી વાહનમા અમો સાધન સામગ્રી લઈને નીકળેલા. અમારી સાથે ઈન્વેસ્ટીગેશન કીટ લઈને અમો પેટ્રોલીંગમા નીકળેલા જેમા દોરા, કાગળ, પેન, કપડાની બેગો, શીલ, મીણબતી, લાખ, પેન્સીલ, રબર સામેલ હતા. ઉપરોકત વસ્તુ સીવાય બીજી કોઈ વસ્તુ હતી કે નહી તે મને હાલ યાદ નથી. અમો રેડીંગ પાર્ટીના સભ્યો હતા. ફરીયાદ મારી રુબરુમા આપવામા આવેલી. મે આ કામે રેડીંગ પાર્ટીના સભ્યો સીવાય અન્ય કોઈ ઈસમના નીવેદનો નોધેલા નથી. આ સિવાયની અન્ય

હકીકતોને નકારી કાઢેલ.

**(૧૨)..** અહી ઉપરોકત પેરા નં.૪ માં નોંધ્યા મુજબ ફરીયાદપક્ષે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે જેનું મુલ્યાંકન કરતા નીચે મુજબ તેની વિગતવાર ચર્ચા કરવામાં આવેલ છે.

**(૧૩)..** **<u>-: નિર્ણય માટેના કારણો અંગે પુરાવાનું મુલ્યાંકન :-</u>**

**(૧૪)..** ઉપરોકત બંને પક્ષકારો રજુઆત તથા રેકર્ડ પર રજુ થયેલ પુરાવા વંચાણે લીધા અને તે સાથે ફોજદારી કાર્યવાહી કરવામાં આવેલ પુરાવાના મુલ્યાકંન વિશે જોઇએ તો કાયદાનો પ્રસ્થાપીત સિધ્ધાંત છે કે, ફરીયાદપક્ષે આ કામના આરોપીઓ સામેના આક્ષેપીત ગુન્હાની હકીકતોને નિ:શંકપણે પુરવાર કરવી પડે જેથી ફરીયાદપક્ષના પુરાવાથી સ્પષ્ટ પુરવાર થવુ જોઇએ કે આરોપીઓએ જ ગુન્હો કરેલ છે અને ફરીયાદપક્ષે પોતાના કેસની હકીકતો પુરવાર કરવા માટે કેટલા સાહેદોને તપાસ્યા છે તે સાહેદોની સંખ્યા મહત્વની નથી. પરંતુ જો ફરીયાદપક્ષના એક પણ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને પુરવાર કરતા હોય અને આરોપીઓએ ગુન્હો કરેલ હોવાનું પુરવાર કરતા હોય તથા તેવા સાહેદ વિશ્વનીય અને આધાર રાખવા લાયક હોય તો તે પુરતુ છે. પરંતુ જો ફરીયાદપક્ષને કેસની હકીકતો ઉપર વાજબી શંકા ઉભી થાય તો તેનો લાભ બચાવપક્ષને મળે તેમ છે.

**(૧૫)..** આ રીતે ફરીયાદપક્ષ દવારા ઉપર મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે. ત્યારે તેઓનું મુલ્યાંકન કરવામાં આવે તો, આરોપી સામે ધી આર્મસ એકટ કલમ-૨૫(૧-બી)એ મુજબનો ગુન્હો કર્યાનો આક્ષેપ છે ત્યારે આ કામે ફરીયાદપક્ષ તરફે આંક-૨૨ થી રજુ થયેલ મુદામાલ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદે તેમની આંક-૨૧ ની જુબાનીમાં તેઓએ તૈયાર પંચનામામાં સહી કર્યા સીવાય તેઓ બીજુ કાંઇ જાણતા નહી હોવાનું જણાવેલ છે. તેમજ આ પંચનામાના બીજા પંચ સાહેદે તેમની આંક-૨૬ ની જુબાનીમાં તેઓએ તૈયાર પંચનામામાં સહી કર્યા સીવાય તેઓ બીજુ કાંઇ જાણતા નહી હોવાનું જણાવેલ છે. આમ, આ બંને પંચ સાહેદોની જુબાનીથી આંક-૨૨ વાળા પંચનામાને સમર્થન મળતુ નથી. તેમજ, તેમજ આ કામે જે મહત્વના સાહેદ કહી શકાય તેવા ફરીયાદીએ તેમની આંક-૩૪ ની જુબાનીમાં ફરીયાદી ફરીયાદ હકીકત સમર્થનમાં જણાવેલ છે કે, જે બાતમી હકીકત

મુજબ વાદળીથર ગામે સીંધી મધરા કરીમભાઈ સુમારભાઈનાઓના ઘરે દેશી બનાવટની બંદુક ગેરકાયદેસર રીતે રાખેલ હોવાનુ જણાવેલ છે. પરંતુ તેઓ તેમની ઉલટતપાસમાં સ્વીકારે છે કે, બાતમી મને મળેલ નથી. વધુમાં આ બાતમી પી.સી. જયદેવભાઈ ધીરજીભાઈ તથા પી.સી.મેરાજભાઈ સેંધાભાઈને મળેલ હોવાનું જણાવેલ છે. વધુમાં બનાવવાળી જગ્યા કોની માલીકી અને કોના કબજા હકક ભોગવટામં આવેલી હતી તેના કોઈ આધાર પુરાવા મેળવેલ નહી હોવાનું જણાવેલ છે. આમ, ફરીયાદીની જુબાની થી ફરીયાદ હકીકતને સમર્થન મળતુ નથી. તેમજ આ કામે આંક–૪૧ થી તપાસેલ ત.ક.અધિકારીએ તેમની જુબાનીમાં તેઓએ કહેવાતા બનાવની રેડ સમયે મારી હાજરી ન હતી તેમજ તેઓની હાજરીમાં કોઈ મુદામાલ કબજે કરેલ નથી તેમજ તેઓની તપાસ દરમીયાન કોઈ સાહેદોના નિવેદન લીધેલ નથી કે કોઈ પંચનામા કરેલ નથી તેમજ તેઓની અગાઉના ત.ક.અધિકારીએ જે કાર્યવાહી કરેલી તે આધારે ચાર્જશીટ કરેલી હોવાનુ જણાવેલ છે. વધુમાં આંક–૫૧ થી તપાસેલ ત.ક.અધિકારીએ તેમની જુબાની માં ફરીયાદ હકીકતને સમર્થન કરેલ છે પરંતુ તેઓ ઉલટતપાસમાં સ્વીકારે છે કે, બાતમીવાળી જગ્યાએ પહોચેલા ત્યારે ગામના કોઈ ઈસમોને મળેલા નહી. વધુમાં જણાવે છે કે, બાતમીવાળી જગ્યા કોની માલીકીની અને કબજા ભોગવટાની હતી તેના કોઈ લેખીત આધારો તેઓની તપાસ દરમીયાન મેળવેલા નહી હોવાનું તેમજ તેઓએ રેડીંગ પાર્ટીના સભ્યો સીવાય અન્ય કોઈ ઈસમના નિવેદનો નોંધેલા નહી હોવાનું જણાવેલ છે. આમ, ત.ક.અધિકારીશ્રી તપાસ દરમ્યાન આ કામના આરોપી પાસેથી મુદામાલ કબજે થયેલ હોય તેવી હકીકત જણાવેલ નથી. વધુમાં આ કામે કબજે કરેલ મુદામાલ નો એફ.એસ.એલ રીપોર્ટ પણ મેળવેલ નથી. આમ, આ બનાવ વાળી જગ્યા જાહેર જગ્યા હોય આજુબાજુ તટસ્થ સાહેદો મળી શકે તેમ છતાં કોઈ તટસ્થ સાહેદોના નિવેદનો આ કામે લીધેલા નહી માત્ર પોલીસ સાહેદોના નિવેદનથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, ઉપરોકત કરેલ તમામ ચર્ચા ધ્યાને લેતા, ઉપરોકત તપાસેલ મહત્વના સાહેદોથી ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુન્હો આ કામના આરોપીઓએ જ કરેલ હોય, તેવી હકીકત સાબિત થતી ન હોય ત્યારે એક માત્ર પોલીસ સાહેદોની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી.

(૧૬).. તેમજ આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતે sh.satish mehra vs delhi administration & anr. ના ચુકાદાઓમાં જે દિશાનિર્દેશ કરેલ છે કે,

"when the Judge is fairly certain that there is no prospect of the case ending in conviction the valuable time of the Court should not be wasted for holding a trial only for the purpose of formally completing the procedure to pronounce the conclusion on a future date." ઉપરોકત નામદાર સુપ્રિમ કોર્ટનુ અવલોકન ધ્યાને લેતા, હાલના કેસમાં પણ મહત્વના અને ચાવીરૂપ સાહેદે ફરીયાદપક્ષના કેસને આરોપીઓની આક્ષેપીત ગુન્હાના કામે સંડોવણી પુરવાર થાય તેવુ સમર્થન આપેલ નથી. આમ, આ કામે સમગ્ર પુરાવો ધ્યાને લેતા, ફરીયાદપક્ષ દવારા આરોપીઓ સામે આક્ષેપીત ગુન્હાના મહત્વના તત્વો પુરવાર થઈ શકેલ ન હોય, મુદદા નં.૧ નો જવાબ ''નકારમાં'' નિર્ણીત કરી, ન્યાયના હિતમાં મુદદા નં.૨ માટે નીચે મુજબ ''આખરી હુકમ'' કરવામાં આવે છે.

**<u>::: હુ ક મ :::</u>**

૧. આ કામના આરોપી સિન્ધી મધરા કરીમભાઈ સુમારભાઈ ભારાભાઈ, ઉ.વ.૨૮, રહે.વાદળીથર, સાંતલપુર, જી.પાટણવાળાઓ ને તેમની સામેના આક્ષેપીત ધી આર્મસ એકટ કલમ–૨૫(૧–બી)એ મુજબના ગુન્હા સબંધે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ આરોપીએ રૂ.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા)ના અપીલ સમય સુધીના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. સદર કામે મુદામાલ પાવતી નં.૪૪/૨૦૧૮, તા.૧૫/૦૬/૨૦૧૮ માં જણાવેલ મુદામાલ દેશી હાથ બનાવટની બંદુક અંગે અપીલ સમય વિત્યા બાદ, ક્રિમીનલ મેન્યુઅલના પેરા–૨૩૪ અન્વયે નિયમ અનુસાર આગળની કાર્યવાહી કરવા માટે ડી.એસ.પી., પાટણનાઓને યાદી કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમમાં આજરોજ અમારી સહી કરી ખુલ્લા અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

તા.૧૯/૦૬/૨૦૨૬
મુ.વારાહી

(હેતલ જગદીશભાઇ ગઢવી)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.
સાંતલપુર, મુ.વારાહી.
કોડ નં.જીજે ૦૧૫૧૯

//ડી.આર.ગરવા//